# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




જઘન્ય ક્રૂરતાની પીએમ રિપોર્ટમાં ધડાકો | સાસુ-જેઠાણીએ હાથપગ પકડી રાખ્યા અને પતિએ નેનો યુરિયા પીવડાવી દીધું

# ચારિત્ર્યની શંકામાં ગર્ભવતી પત્નીની ક્રૂર હત્યા કરી

**હત્યાને 'આત્મહત્યા'માં** ખપાવવાનું ક્રૂર કાવતરું ખુલ્લું પડ્યું!

**મોત નીપજ્યા બાદ** લાશને બારીએ દોરી વડે લટકાવી દીધી

(પ્રતિનિધિ) મહુધા તા.૨૦

મહુધા તાલુકાના કપરૂપુર ગામે ગર્ભવતી પરિણીતાના શંકાસ્પદ મોતના મામલે પોલીસે હાથ ધરેલી ઝીણવટભરી તપાસમાં એક સનસનાટીભર્યો હત્યાકાંડ સામે આવ્યો છે. ચારિત્ર્યની શંકા અને ઘરકંકાસમાં ૨૮ વર્ષીય ગર્ભવતી પત્નીને જબરદસ્તીથી ઝેરી દવા પીવડાવી મોતને ઘાટ ઉતારી દીધા બાદ સમગ્ર બનાવને આત્મહત્યાનું રૂપ આપવા માટે મકાનની બારી સાથે દોરીથી લટકાવી દેવાનું ભયાનક કાવતરું રચવામાં આવ્યું હતું. જોકે, મેડિકલ પીએમ રિપોર્ટ અને પોલીસની કડક પૂછપરછ સામે આખરે નરાધમ પતિ ભાંગી પડ્યો હતો અને સમગ્ર મર્ડર મિસ્ટ્રી પરથી પર્દાફાશ થયો છે.

મહુધા તાલુકાના કપરૂપુર ગામની બારૈયાની મુવાડીમાં રહેતી અરુણા મિતુલ સોઢા નામની ૨૮ વર્ષીય ગર્ભવતી પરિણીતાએ ૧૭મી ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ગળે ફાંસો ખાઈ લીધો હોવાની જાણ મહુધા પોલીસને કરવામાં આવી હતી. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ સ્થળ પર પહોંચેલી પોલીસે મોત શંકાસ્પદ





જણાતાં પેનલ ડોક્ટર મારફતે પોસ્ટમોર્ટમ કરાવવાની તજવીજ હાથ ધરી હતી. આ દરમિયાન મૃતકના ભાઈએ પોતાની બહેનને ચારિત્ર્યની શંકા રાખી



શારીરિક અને માનસિક ત્રાસ આપી મરવા માટે મજબૂર કર્યાની પોલીસ ફરિયાદ પણ નોંધાવી હતી.

જોકે, મેડિકલ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવતા જ સમગ્ર મામલામાં મોટો ખુલાસો થયો હતો અને પોલીસ તપાસની દિશા બદલાઈ ગઈ હતી. આ રિપોર્ટમાં સ્પષ્ટ થયું કે, પરિણીતાનું મોત કોઈ ઝેરી દવા પીવાના કારણે થયું છે અને ગળા પર જોવા મળેલા નિશાન મૃત્યુ બાદ દોરી બાંધવાથી પડ્યા છે. આ ચોંકાવનારા તથ્ય બાદ પોલીસે મૃતકના પતિ મિતુલ સોઢા અને જેઠ વિપુલ સોઢાની સઘન પૂછપરછ શરૂ કરતા સમગ્ર કાવતરું બહાર આવ્યું હતું. આથી, પોલીસે સત્તાવાર ધરપકડ કરી વધુ તપાસ અર્થે રિમાન્ડ મેળવ્યાં છે.

### કેવી રીતે બદલાઈ તપાસની દિશા?

- **શરૂઆતી દાવો:** સાસરિયાઓએ પરિણીતાએ ઓરડામાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધાનું નાટક રચ્યું હતું.
- **મેડિકલ ખુલાસો:** પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સ્પષ્ટ થયું કે મોત ઝેરી દવા પીવાના કારણે થયું છે અને ગળા પરના નિશાન મૃત્યુ પામ્યા બાદ દોરી બાંધવાથી પડ્યા હતા.
- **જબરદસ્તી ઝેર આપ્યું:** ચારિત્ર્યની શંકામાં પતિ મિતુલ સોઢાએ પત્નીને સોફા પર પાડી દીધી હતી અને જબરદસ્તીથી મોઢામાં નેનો યુરિયાનું પાઉચ ખાલી કરી દીધું હતું.
- **સાસુ-જેઠાણીની ભૂમિકા:** આ જઘન્ય અપરાધ વખતે પરિણીતાના સાસુ અને જેઠાણીએ તેના હાથપગ પકડી રાખીને સાથ આપ્યો હતો.
- **પુરાવાનો નાશ:** પ્રાણ પંખેરું ઊડી ગયા બાદ લાશને ઓરડાની બારીએ દોરી વડે લટકાવી દીધી, ઝેરનું ખાલી પાઉચ ચુલામાં સળગાવી દીધું અને ઓરડાનો નકુચો તોડી અંદર પ્રવેશીને આત્મહત્યાનું નાટક કર્યું હતું. જેનો પીએમ રિપોર્ટમાં ઘટસ્ફોટ થયો હતો.
- **મુદ્દામાલ જપ્ત:** પોલીસે ઘટનાસ્થળેથી નાયલોનની દોરી, મોબાઈલ ફોન અને બ્લેડ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.
- **ધરપકડ અને રિમાન્ડ:** પોલીસે પતિ મિતુલ સોઢા અને જેઠ વિપુલ સોઢાની વિધિવત ધરપકડ કરી મહુધા કોર્ટમાં રજૂ કરતા કોર્ટે ૨ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.
- **ફરાર આરોપીઓ:** હાલમાં પોલીસ દ્વારા રિમાન્ડ દરમિયાન વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે અને હત્યાના આ કાવતરામાં સામેલ અન્ય ફરાર આરોપીઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# વડોદ : જમીન પચાવી પાડવા બોગસ મહિલા ઊભી કરી

**મૂળ માલિકને બદલે** નકલી આધારકાર્ડથી અન્ય મહિલાને રજૂ કરી દસ્તાવેજ બનાવ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૦

આણંદના વિદ્યાનગર રોડ પર રોનક બંગ્લોઝમાં રહેતા રીટાબેન સત્યેન્દ્રકુમાર શાહની મોજે વડોદ સીમમાં આવેલી કરોડો રૂપિયાની કિંમતી બિનખેતી જમીન (સર્વે નં. ૯૦૦ પૈકી ૧) ગેરકાયદેસર રીતે પચાવી પાડવાનું મોટું કૌભાંડ સામે આવ્યું છે. આ મામલે વાસદ પોલીસ મથકે સગા ભાણેજ સહિત પાંચ શખ્સો સામે છેતરપિંડી અને કાવતરાનો ગુનો દાખલ કરાયો છે.

ફરિયાદ મુજબ, રીટાબેને જમીનની દેખરેખ માટે અગાઉ પોતાના ભાણેજ હાર્દિક દીપકકુમાર શાહને પાવર ઓફ એટર્ની આપ્યો હતો, જે શંકાસ્પદ હિલચાલ જણાતાં રદ કરાયો હતો. આથી હાર્દિક અને તેની માતા અલ્કાબેન શાહે રીટાબેનની જગ્યાએ ગીતાબેન ઉર્ફે કલ્પનાગૌરી જયસ્વાલને નકલી રીટાબેન તરીકે ઊભી કરી હતી.

અસલ ઓળખકાર્ડમાં એડિટિંગ કરી નકલી આધારકાર્ડ બનાવ્યા બાદ, સબ રજીસ્ટ્રાર કચેરીમાં બોગસ સહીઓ અને ફોટા પડાવી અલ્કાબેનની તરફેણમાં બક્ષિસ દસ્તાવેજ (નં. ૪૬૫૧/૨૦૨૬) કરાવી લેવાયો હતો.

આ કાવતરામાં કામીન પટેલ અને અશ્વિનકુમાર પરમારે ખોટી સાક્ષી પૂરી હતી. વાસદ પોલીસે પાંચેય આરોપીઓ સામે બનાવટી દસ્તાવેજ અને કાવતરા સહિતની ગંભીર કલમો હેઠળ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

શિક્ષકોને અપાયેલા ઉચ્ચતર પગાર ધોરણના તફાવતમાં વિવાદ સર્જાયો

# નડિયાદના શિક્ષકોના બારોબાર ૧૦ ટકા ઈન્કમટેક્સ કપાતા રોષ

**અગાઉ ૭૪ શિક્ષકોને** પૂરી રકમ ચૂકવાઈ તો હવે કયા નિયમથી કાપ મૂકાયો ? પ્રશ્નાર્થ સર્જાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૦

નડિયાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં શાસનાધિકારી દ્વારા શિક્ષકોને મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણના તફાવતની રકમમાંથી પૂર્વ જાણ કે સંમતિ વગર બારોબાર આશરે ૧૦ ટકા રકમ આવકવેરા (ઈન્કમટેક્સ) પેટે કાપી લેવામાં આવતાં શિક્ષકોમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે.

ખેડા જિલ્લા પંચાયતના પ્રાથમિક શિક્ષકોની જેમ નગરપાલિકાના શિક્ષકોને પણ રૂ. પાંચ હજારથી આઠ હજારનું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ આપવાનો હાઈકોર્ટે હુકમ કર્યો હતો.

આ હુકમના આધારે પાત્રતાની તારીખથી તફાવતની રકમ આપવા માટે એક મહિના પહેલા ગ્રાન્ટ પણ આવી ગઈ હતી. વર્ષ ૨૦૦૮ ના પિટિશનરો પૈકીના એક શિક્ષકને રૂ. ૧૦,૮૯,૨૦૫ નું તફાવત પત્રક મોકલી સંમતિ લેવાઈ હતી, પરંતુ ખાતામાં માત્ર રૂ. ૯,૮૦,૨૦૫ જમા કરાયા હતા. શિક્ષકની જાણ બહાર જ રૂ. ૧,૦૯,૦૦૦ (કુલ રકમના આશરે ૧૦%) ઈન્કમટેક્સ પેટે કાપી લેવાતા ભારે આશ્ચર્ય સર્જાયું હતું.

સામાન્ય રીતે તફાવતની રકમ પર આવકવેરો ભરવાની જવાબદારી જે તે કર્મચારીની વ્યક્તિગત હોય છે અને તે માટે પૂર્વ સંમતિ લેવાય છે. નાણાકીય સત્તા ધરાવતા અધ્યક્ષ અતુલભાઈ પંડ્યાની સંમતિ લેવાઈ છે કે કેમ અને શાસનાધિકારીએ કયા પરિપત્રના આધારે સ્વયંભૂ આ સત્તા હાથમાં લીધી ? તે અંગે ઉચ્ચ અધિકારીઓ ગંભીરતા સમજી નિષ્પક્ષ તપાસ કરે તેવી માંગ ઉઠી છે. હાલ આ મુદ્દે ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

આ અંગે શાસનાધિકારી ભીખાભાઈ ચૌધરીએ સ્વીકાર્યું હતું કે, મળવાપાત્ર રકમમાંથી આવકવેરો કાપવામાં આવ્યો છે અને અન્ય ૧૦૪ શિક્ષકોના તફાવતમાંથી પણ આ જ રીતે કપાત કરીને ઈન્કમટેક્સ ખાતામાં જમા કરાવાશે.

### અગાઉના નિયમો સામે વિરોધાભાસ સર્જાયો

આ અંગે દિનેશચંદ્ર રાવલ દ્વારા પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે કે ગત વર્ષે આ જ અધિકારી દ્વારા ૭૪ શિક્ષકોને લાખો રૂપિયાનો તફાવત ચૂકવાયો ત્યારે ૧ રૂપિયો પણ કાપવામાં આવ્યો ન હતો તેમજ નિવૃત્ત શિક્ષકોના કિસ્સામાં પણ ક્યારેય કપાત થઈ નથી, તો આ વખતે જ અચાનક કોની સૂચનાથી આવો નિયમ લાગુ કરાયો ?

### સંધાણામાં કોંગ્રેસના નેતાઓના પૂતળા દહન



માતર તાલુકાના સંધાણા ગામના સૌ હિન્દુ સનાતન ધર્મના ભાઈઓ દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આજના વિજ્યાદશમી પર્વની સંધ્યાએ ગામના સૌ હિન્દુ સનાતન ધર્મના ભાઈઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને ગામમાં કોંગ્રેસના નેતાઓના પૂતળા દહનનો કાર્યક્રમ યોજાયો હતો. આ વિજ્યાદશમી પર્વની સંધ્યાએ સૌ ભાઈઓ દ્વારા પૂતળા દહન કરવામાં આવ્યું હતું.

### પેટલાદમાં ભવ્યતાથી દશેરા સવારી નીકળી, ૬૦ ફૂટના રાવણનું દહન કરાયું







પેટલાદમાં મંગળવારે રેલ્વે સ્ટેશન પાસેથી રાજ્ય મંત્રી કમલેશ પટેલે ૭૪મી દશેરા સવારીનું પ્રસ્થાન કરાવ્યું હતું. શ્રી જનતા રામ મંડળી તથા શ્રી હરેકૃષ્ણ સત્સંગ કેન્દ્ર દ્વારા આયોજિત આ શોભાયાત્રામાં ભગવાન રામ, લક્ષ્મણ અને સીતાજીના પાત્રો બગીમાં સવાર રહ્યા હતા. સરદાર ચોક, ચાવડી બજાર, ટાવર, અંબામાતા મંદિર અને ચોક્સી બજાર થઈને સવારી પાલિકા સ્ટેડિયમ પહોંચી હતી. પાલિકા સ્ટેડિયમ ખાતે ૬૦ ફૂટના રાવણનું દહન કરવામાં આવ્યું હતું, જેમાં પંજાબી-સિંધી સમાજ સહિત વિવિધ આગેવાનો અને મોટી સંખ્યામાં ભક્તો હાજર રહ્યા હતા. - **તસવીર : વિનાયક આણંદજીવાલા**

# પાંડવા નજીક બે બાઈક અથડાતાં ૧નું કરુણ મોત

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૨૦

બાલાસિનોર તાલુકાના પાંડવા ગામ નજીક કેડીગઢ મંદિરે દર્શન કરીને પરત ફરી રહેલા પંચાલ પરિવારની મોટરસાયકલને સામેથી પૂરઝડપે આવતી અન્ય બાઈકે ટક્કર મારતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ૪૦ વર્ષીય મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું, જ્યારે પતિ અને સાત વર્ષની પુત્રી ઈજાગ્રસ્ત થયાં હતાં.

કોઠંબા ખાતે રહેતા વિશાલકુમાર ચિમનલાલ પંચાલ નવરાત્રીની આઠમે પત્ની પ્રતિમાબેન (ઉં.વ. ૪૦) તથા બે દીકરીઓ દુર્વા (ઉં.વ. ૭) અને આસ્થા (ઉં.વ. ૩) સાથે પોતાની બાઈક (GJ-35-R-1212) પર પાંડવા નજીક પરબીયા ગામે કેડીગઢ મંદિરે દર્શન કરવા ગયા હતા. સાંજે પરત ફરતી વખતે પાંડવા ગામ નજીક ભગા બારીયાના મુવાડા તરફ જવાના રસ્તે સામેથી પૂરઝડપે આવતી પ્લેટીના બાઈકના ચાલકે આગળના વાહનને ઓવરટેક કરવા જતાં પંચાલ પરિવારની બાઈકને ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં પ્રતિમાબેનને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતાં ૧૦૮ મારફતે લુણાવાડા કોટેજ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. વિશાલકુમારને હાથ-પગમાં ફ્રેક્ચર અને પુત્રી દુર્વાને ઈજાઓ પહોંચી હતી. આ દુર્ઘટનામાં બંને માસૂમ દીકરીઓએ માતાની છત્રછાયા ગુમાવતાં પરિવાર ગમગીનીમાં મુકાયો છે. આ બનાવ અંગે મૃતકના બનેવી જગદીશકુમાર પંચાલની ફરિયાદના આધારે બાલાસિનોર પોલીસે બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આણંદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણી શાંતિપૂર્ણ સંપન્ન

**પ્રમુખ તરીકે** વિક્રમસિંહ ગરાસીયા અને મહામંત્રી તરીકે પ્રવિણસિંહ રાજ બિનહરીફ ચૂંટાયા



(પ્રતિનિધિ) આણંદ તા.૨૦

આંકલાવ ખાતે આણંદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણી પ્રક્રિયા યોજાઈ હતી. જેમાં પ્રમુખપદ માટે એક અને મહામંત્રીપદ માટે એક જ ઉમેદવારી ફોર્મ પ્રાપ્ત થતાં ચૂંટણી અધિકારીઓ નવીનભાઈ ખ્રિસ્તી તથા કમલેશભાઈ પટેલે આણંદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ તરીકે વિક્રમસિંહજી ગરાસીયા અને મહામંત્રી તરીકે પ્રવિણસિંહ રાજને સતત બીજી વખત બિનહરીફ વિજેતા જાહેર કર્યા હતા.

આ ચૂંટણીમાં પ્રમુખપદ માટે વિક્રમસિંહજી ગરાસીયાની ઉમેદવારીની દરખાસ્ત પ્રવિણસિંહ જાદવ દ્વારા કરવામાં આવી હતી, જ્યારે હસમુખભાઈ શનાભાઈ પરમારે તેમની ઉમેદવારીને ટેકો આપ્યો હતો. મહામંત્રીપદ માટે પ્રવિણસિંહ રાજની ઉમેદવારીની દરખાસ્ત હસમુખભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી, જ્યારે સુનિલભાઈ મેકવાન તેમની ઉમેદવારીને ટેકો આપ્યો હતો. આ પ્રસંગે બોરસદ, આંકલાવ, તારાપુર, પેટલાદ, સોજીત્રા, આણંદ અને ઉમરેઠ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ, મહામંત્રી તેમજ આણંદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના તમામ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષકોના હિતોનું રક્ષણ, શિક્ષકોના પ્રશ્નોના નિરાકરણ અને સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે બંનેના નેતૃત્વમાં નવી ઊંચાઈઓ પ્રાપ્ત થાય તેવી શુભકામના વ્યક્ત કરા હતી.

# ચારૂસેટ યુનિ.ના ચાર સંશોધકો 'ટોપ ૨% સાયન્ટિસ્ટ્સ'ની યાદીમાં ચમક્યા

**ઊર્જા, બાયોટેક અને** ડિજિટલ ટેક્નોલોજી ક્ષેત્રે નવતર ઉકેલો મળશે

(પ્રતિનિધિ) આણંદ તા.૨૦

ચારુસેટ યુનિવર્સિટીના ચાર સંશોધકોએ પ્રતિષ્ઠિત સ્ટેનફોર્ડ-એલ્સેવિયર 'ટોપ બે ટકા સાયન્ટિસ્ટ્સ' લિસ્ટ સાથે સંકળાયેલી TOPSCINET રેન્કિંગ પ્રોફાઈલ્સમાં સ્થાન મેળવીને વિશ્વ કક્ષાએ યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે. સંશોધકો દ્વારા સમગ્ર શૈક્ષણિક કારકિર્દી દરમિયાન કરાયેલા માતબર સંશોધન પ્રદાન અને રિસર્ચ એન્ડ ઈનોવેશન ક્ષેત્રની શ્રેષ્ઠતાને ધ્યાનમાં રાખીને આ સિદ્ધિ એનાયત કરવામાં આવી છે.

અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટી દ્વારા દર વર્ષે વિશ્વના અગ્રણી વિજ્ઞાનીઓની યાદી તૈયાર કરવામાં આવે છે અને એલ્સેવિયર દ્વારા તે પ્રકાશિત થાય છે. આ વિશ્વના ટોપ બે ટકા સાયન્ટિસ્ટ્સ-2026 ની પસંદગી પ્રક્રિયામાં સંશોધકોના



Dr. Datta Madamwar



Dr. Trushit Upadhyay



Dr. C.K. Sumesh



Dr. Pratik Pataniya

રિસર્ચ, પબ્લિકેશન, સાયટેશન અને ઈન્ડેક્સ જેવા વિવિધ કડક માપદંડોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

આ માન્યતા માત્ર શૈક્ષણિક સિદ્ધિ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે ભૌતિક વિજ્ઞાન, બાયોટેક્નોલોજી અને માહિતી-સંચાર ટેક્નોલોજી ક્ષેત્રે ચારુસેટની સંશોધન પ્રગતિ દર્શાવે છે. સંશોધકોનું આ કાર્ય ભવિષ્યમાં ઊર્જા, આરોગ્ય, અદ્યતન ઈલેક્ટ્રોનિક્સ અને ડિજિટલ કનેક્ટિવિટી જેવા મુખ્ય ક્ષેત્રોમાં ઉપયોગી નવતર ઉકેલો લાવવામાં મદદરૂપ થશે. આ સિદ્ધિ બદલ ચારેય સંશોધકને અભિનંદન પાઠવ્યાં હતાં.

### ૪ અગ્રણી સંશોધકોની વિષયવાર સિદ્ધિ

**પ્રો. (ડો.) સી. કે. સુમેશ (PDPIAS)** : 'ઇનેબલિંગ એન્ડ સ્ટ્રેટેજિક ટેક્નોલોજીસ' અને 'એપ્લાઇડ ફિઝિક્સ' ક્ષેત્રમાં સ્થાન મેળવ્યું છે; તેઓ વર્ષ 2022થી 2026 સુધી સતત આ યાદીમાં ચમક્યા છે.

**ડો. પ્રતીક પાટણિયા (PDPIAS):** 'ફિઝિક્સ એન્ડ એસ્ટ્રોનોમી' અને 'એપ્લાઇડ ફિઝિક્સ' ક્ષેત્રમાં વર્ષ 2023થી 2026 સુધી સ્થાન મેળવવામાં સફળ રહ્યા છે.

**ડો. દત્તા મદમવાર (PDPIAS):** 'ઇનેબલિંગ એન્ડ સ્ટ્રેટેજિક ટેક્નોલોજીસ' તથા 'બાયોટેક્નોલોજી' ક્ષેત્રમાં વર્ષ 2025 અને 2026 ની યાદીમાં સ્થાન પામ્યા છે.

**ડો. તૃષિત ઉપાધ્યાય (પ્રિન્સિપાલ, CSPIT):** 'ઇન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેક્નોલોજીસ' અને 'નેટવર્કિંગ એન્ડ ટેલિકમ્યુનિકેશન્સ' પેટાક્ષેત્રમાં વર્ષ 2026 માટે પસંદગી પામ્યા છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ | ઈશાન ન્યુઝ પેપર એજન્સી |
| કિશોર પ્લાઝા, | સાગર ભુવન, ડભાણ |
| આણંદ. | ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225